## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો, વેલેન્ટાઈન ડેમાં પ્રપોઝ કરશો તેને અમે ન્યુ - સ્ટાર્ટ-અપમાં ગણવાના નથી...!!

## આજે વૈષ્ણોદેવી સર્કલથી અડાલજ થઈ ગાંધીનગર આવવા-જવા માર્ગ બંધ રહેશે

આથી તમામ જાહેર જનતાને જણાવવાનું કે, તા.૧૩/૦૨/૨૦૨૨ના રોજ વૈષ્ણોદેવી સર્કલ થી અડાલજ ગાંધીનગર તરફ આવતા/જતા નર્મદા કેનાલ ખાતે મુખ્ય રોડ ઉપર GUDA દ્વારા સવાર કલાક.૦૬/૦૦ થી કલાક.૧૦/૩૦ સુધી કામકાજ હાથ ધરવામાં આવનાર હોય જેની તમામ જનતાએ નોંધ લેવી અને આ કામકાજના સમયગાળા દરમ્યાન ટ્રાફિક અંતર્ગત સહકાર આપવો. ઉપરોક્ત સમય દરમ્યાન ઈમરજન્સી સેવાના વાહનોએ વૈકલ્પિક રૂટ વૈષ્ણોદેવી થી ઝુંડાલ - બાલાપીર સર્કલ - ઉવારસદ ચોકડી - ગાંધીનગરનો ઉપયોગ કરવા વિનંતી છે. એવું કાર્યપાલક ઈજનેરશ્રીની યાદીમાં જણાવાયું છે.

### કાશ્મીર મુદ્દે કરેલી ટીપ્પણી મુદ્દે

# હ્યુન્ડાઈ - ડોમીનોઝ પાસે બજરંગદળ દ્વારા વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૨

પાકિસ્તાન હ્યુન્ડાઈ દ્વારા કાશ્મીરને ભારતથી અલગ કરવા માટે ઈચ્છતા નાગરીકોના સમર્થનમાં ટવીટ કર્યુ હતું. ત્યારે આ ટીપ્પણી બાદ બજરંગ દળ કાર્યકરો દ્વારા બુધવાર થી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. જેને પગલે ગાંધીનગર બજરંગ દળ દ્વારા સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે આવેલા હ્યુન્ડાઈના શો-રૂમ અને સેકટર-૧૧ માં ડોમીનોઝની દુકાને જઈ સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

મળતી વિગત મુજબ પાકિસ્તાન હ્યુન્ડાઈએ કાશ્મીર મુદ્દે કરેલી ટીપ્પણીના પડઘા ભારતભરમાં પડ્યા છે. ત્યારે ભારતના કેટલાક નાગરીકોએ નવી હ્યુન્ડાઈ કારની ખરીદી પણ રદ કરી દીધી છે. જયારે નામાંકિત આગેવાનોએ પણ હ્યુન્ડાઈ વિરુધ્ધના ટવીટર ટ્રેન્ડને સપોર્ટ આપ્યો છે. ત્યારે બજરંગ દળે હ્યુન્ડાઈ વિરુધ્ધ દેખાવો કરવા માટે આયોજન કરાયું હતું. જેને પગલે ગાંધીનગર બજરંગ દળ દ્વારા સેકટર-૨૮ સ્થિત હ્યુન્ડાઈના શો-રૂમ ખાતે અને સેકટર-૧૧ ડોમીનોઝ આઉટલેટ પર કાર્યકરોએ સુત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. હ્યુન્ડાઈ ભારતના મેનેજર સાથે બજરંગ દળ દ્વારા વાત પણ કરવામાં આવી હતી.જયારે હ્યુન્ડાઈની હેડ ઓફિસ તરફથી આ અંગે માફી પત્ર પણ જાહેર કરાયો છે.પરંતુ તેમા માફી માંગતા હોય તેમ ન જણાતા હ્યુન્ડાઈના શો-રૂમ ખાતે બુધવારથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર બજરંગ દળના કાર્યકરો દ્વારા સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવી હ્યુન્ડાઈનો શો-રૂમ અને ડોમીનોઝના આઉટલેટ બંધ કરાવી દીધા હતા.ત્યારે કાર્યકરો મોટીસંખ્યામાં એકઠા થઈ જતા પોલીસ પણ આવી પહોંચી હતી.




## ખૂણેખાંચરેથી

- કલોલના નવનિયુકત પ્રાંત અધિકારી ક્રિષ્ણા વાઘેલાએ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કલોલ અને દહેગામના અંતરિયાળ ગામને લઈ મોબાઈલ હેલ્પ લેવાનો આરંભ કર્યો છે.
- ગાંધીનગર શહેરમાં ગરમી વધવા લાગી છે જો કે હજુ આ સપ્તાહ બેવડી ઋતુનો અનુભવ થશે.
- ગાંધીનગર મનપામાં સફાઈમાટે વધુ ૩૦૦ જેટલા પોઈન્ટ ઓફ ઈન્ટ્રેસ્ટ નિયત કરાયા છે આને કારણે સફાઈની સેવાઓ સઘન થશે.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં બસ સેવાઓ શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે.
- દહેગામ તાલુકાની બિલામણા ગામની મહિલાને આજે સવારે અકસ્માત નડયો હતો અને સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ થયું છે. આ કેસમાં સે-૭ પોલીસે પ્રસંશનીય કામગીરી કરી છે.
- વાયબ્રન્ટ સમીટ મોકુફ રખાયાની જાહેરાત કર્યા પછી અધુરા રહેલા કામો પુનઃશરૂ ન થતાં નગરજનોની હાલાકી વધી છે.
- ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ભરતીના મામલે શિક્ષણ વિભાગ મગનું નામ મરી ના પાડતાં ભારે અવઢવની સ્થિતિમાં કોલેજ સંચાલકો સહિત સૌ મુકાઈ ગયા છે.

## સેકટર-૪ માં દુકાનમાંથી ચા, ખાંડ અને તેલના ડબ્બાની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં ચોરીનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. ઘરમાં પ્રવેશ કરીને ચોર શખ્સો સોના-ચાંદીના દાગીના અને કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરતા હતા. પરંતુ કોરોના મહામારી અને મોંઘવારીમાં તો ચોર શખ્સો જે હાથ લાગ્યું તે ચોરી કરી પલાયન થઈજાય છે. ત્યારે સેકટર-૪ શોંપીગ સેન્ટરમાં કરિયાણાની દુકાનમાંથી ચા-ખાંડ અને તેલના ડબ્બા અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓ લઈ ચોર શખ્સો નાસી ગયા છે. ત્યારે શહેરમાં હવે કરિયાણાની દુકાનો પણ સલામત રહેવા પામી નથી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૪ સી પ્લોટ નં.૫૬૫-૨ ખાતે રહેતા કનુભાઈ પરષોતમદાસ પ્રજાપતિ (ઉં.૫૩) સેકટર-૪ માં છેલ્લા પંદર વર્ષથી કરિયાણાની દુકાન ચલાવે છે. ગત તા.૧૦ ના રોજ રાત્રીના આશરે સાડા નવ વાગે દુકાનમાં કરીયાણાનો માલ-સામાન અંદર મુકી દુકાનના શટરને લોક મારી બંધ કરી ઘરે ગયા હતા. ત્યારે તેમનો દિકરો તા.૧૧ ના રોજ સવારના સમયે દુકાન ખોલવા માટે આવ્યો હતો. તે દરમિયાન દિકરાએ તેના પિતાને ફોન કરી જાણ કરી હતી કે પપ્પા દુકાનના શટરને લોક માર્યુ હતુ તે લોક તુટેલી હાલતમાં છે અને શટર ખુલ્લી હાલતમાં છે. જેથી કનુભાઈ તાત્કાલીક દુકાન ખાતે દોડી ગયા હતા. તેઓએ દુકાનમાં તપાસ કરી તો તેલના ડબ્બા નંગ-૩, તેલના ૫ લીટરના ગેલેરીયા નંગ-૧૨, ખાંડ, વાઘબકરી ચા ના પેકેટ, અમુલ અને મધુરના ઘી ના પેકેટ તેમજ સંતુર સાબુના પેકેટ મળી કુલ રૂ.૨૩,૫૮૯ની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. ત્યારે કરીયાણાની દુકાનના તાળા તોડીને ચોરી થતા શોંપીગ સેન્ટરમાં દુકાનો ધરાવતા અન્ય વેપારીઓમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે પોલીસ ચોકીની સામે જ દુકાનમાંથી ચોરી કરીને ચોર શખ્સો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે.

## કેન્સરથી રોજ ૧૦૦થી વધારે લોકો જીવ ગુમાવી રહ્યા છે

ગુજરાતમાં અન્ય રાજ્યની સરખામણીમાં કેન્સરના કેસની સંખ્યામાં નોધપાત્ર વધારો નોંધાઈ રહ્યો છે. શિયાળુ સત્રમાં સંસદમાં કેન્દ્રીય આરોગ્ય વિભાગે કેન્સરના કેસ અને મોતના આંકડા રજૂ કર્યા છે. જેમાં એક વાત ખૂલીને સામે આવી છે કે, ગત વર્ષમાં ગુજરાતમાં કેન્સરના કુલ ૨,૦૩,૫૩૦ કેસ નોધાયા હતાં. જ્યારે ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧૦૦ લોકોથી વધારે કેન્સરના કારણે જીવ ગુમાવી રહ્યા છે.



ઠંડી જાઉં જાઉં કરી રહી છે અને ગરમી આવું આવું કરી રહી છે તેવી બેવડી ઋતુમાં વહેલી સવારે મોર્નિંગ વૉક માટે કે પોતાના કામ માટે બહાર નીકળતા નાગરિકોને હજુ પણ સ્વટેર કે જાકીટ જ પહેરવા પડે એટલું જ નહીં પરંતુ માથે ટોપી-મફલર પણ ધારણ કરવા પડી રહ્યાં છે.

## આજે એસપીજીની આશીર્વાદ યાત્રામાં ગાંધીનગર જિલ્લાના ૩૦૦ જેટલાં કાર્યકરો જોડાશે

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગરના વાવોલમાં વિઠ્ઠલ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં એસપીજીના મહામંત્રી પૂર્વિન પટેલે જણાવ્યું હતું કે "કોરોના કાળમાં છેલ્લાં બે વર્ષથી જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને એસપીજી ગૃપની પ્રવૃત્તિઓ મર્યાદિત કરી દીધી હતી, હવે ફરી સમાજને ઉપયોગી થવાના હેતુથી નવેસરથી સક્રીય થઈ રહ્યાં છીએ જે અંતર્ગત પહેલાં ઉમિયા માતાના આશિર્વાદ મેળવવા આવતી કાલે તા.૧૩મી ફેબ્રુઆરીના રોજ શ્રી સરદાર પટેલ સેવાદળ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ અશ્વિનભાઈ પટેલની અધ્યક્ષતામાં અમદાવદથી ઊંઝાની આશીર્વાદ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આશીર્વાદ યાત્રામાં અંદાજે એક હજાર જેટલાં એસપીજીના કાર્યકરો જોડાશે જેમાં ગાંધીનગર જિલ્લાના અંદાજે ૩૦૦ જેટલાં કાર્યકરો જોડાશે. યાત્રા અમદાવાદથી નીકળી ગાંધીનગર, કલોલ અને મહેસાણા થઈને ઊંઝા પંહોચશે. યાત્રા માટે ગાંધીનગર જિલ્લાના એસપીજીના કાર્યકર્તાઓ સવારે ૯ વાગે કલોલના પંચવટી ખાતે હનુમાન મંદિરે એકઠાં થશે અને કલોલથી ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટની ટીમ સાથે મળીને આશરે ૧૫૦ ગાડીઓ અને બાઈકનો કાફલો લઈને યાત્રામાં જોડાશ જે મેહસાણા થઈને ત્યાર બાદ ઊંઝા પંહોચશે.



## ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૫ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા સંપન્ન

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૨૦૦ બેઠકમાંથી ૧૫૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયા સંપન્ન કરી દીધી છે. ત્યારે આ ૧૫૫ બેઠકમાં ૨૪ બેઠક એનઆરઆઈ કવોટાની છે. ત્યારે રીસફલ પ્રક્રિયા હાથ ધરાશે ત્યારબાદ તમામ બેઠકો ભરાઈ ગયા પછી આગામી તા. ૨૪મીથી પ્રથમવર્ષ એમબીબીએસના વિદ્યાર્થીઓના ઓફ લાઈન વર્ગો સાથે અભ્યાસક્રમનો પ્રારંભ થશે.

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને પગલે શૈક્ષણિક અભ્યાસક્રમના ટાઈમ ટેબલ બદલાઈ ગયા છે. ઓફલાઈન અભ્યાસક્રમ ન થતા વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ કરી પરિક્ષા આપી હતી. ત્યારે જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજના અભ્યાક્રમના ટાઈમ ટેબલમાં ફેરફાર થયો છે. પહેલા ઓગસ્ટ માસમાં થતી એડમીશન પ્રક્રિયા હવે જાન્યુઆરી ફેબુઆરી માસમાં કરવામાં આવે છે. જે અન્વયે એડમીશન કમિટી દ્વારા જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે તે વિદ્યાર્થી ભાઈ બહેનો કોલેજમાં જઈને આગળની પ્રક્રિયા કરી રહ્યા છે.ગાંધીનગર મેડીકલ કોલેજની ૨૦૦ બેઠકો પૈકી હાલ ૧૫૫ બેઠકોના એડમીશન થયા છે. જેમાં ૨૪ વિદ્યાર્થીઓએ એનઆરઆઈ કવોટામાં એડમીશન મેળવ્યા છે. ત્યારે હજુ એક વખત રીસફલની કામગીરી હાથ ધરાશે ત્યારબાદ તમામ ૨૦૦ બેઠક ભરાઈ ગયા બાદ તા.૨૪ મી થી ઓફલાઈન વર્ગો શરુ થઈ જશે.

## ઘર આંગણાની ખેતી : કીચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન

### ઓર્ગેનિક કિચન ગાર્ડન અને ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરતા પ્રવિણભાઈ ચૌહાણ

ગાંધીનગર, તા. ૧૨

ઘરની આજુબાજુની ઉપલબ્ધ જમીનનો ઉપયોગ કરી રોજબરોજની જરૂરિયાત સંતોષાય તેવા શાકભાજીનું વાવેતર કરવું જેને કિચન ગાર્ડન કહેવાય છે. હાલમાં બજારમાં મળતા મોટા ભાગના શાકભાજીમાં રાસાયણિક ખાતરો, ઝેરી જંતુનાશક દવાઓના અવશેષો કે ગટરના પાણીના ક્ષારો હોવાની શક્યતાઓ રહેલી છે. આવા દૂષિત શાકભાજી ખાવાથી શરીરની તંદુરસ્તીને લાંબેગાળે વિપરીત અશર થાય છે જેથી ઘર આંગણે અથવા ટેરેસ પર શાકભાજી અને અન્ય છોડવા ઉછેરવામાં આવે છે.



શહેરમાં સેકટર-૨૮ ગાર્ડનમાં પ્રવિણભાઈ ચૌહાણ ખૂબ સરસ રીતે ઓર્ગેનિક કિચન ગાર્ડન અને ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપે છે. જેઓ વર્ષ ૨૦૧૩ થી આ ફિલ્ડમાં કાર્યરત છે અને અત્યાર સુધી લગભગ ૫૦૦ કરતાં પણ વધુ ઓર્ડર મેળવી ચૂક્યા છે. કીચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, ફાર્મિંગમાં સુંદર રીતે મેનેજ કરી આપે છે.

મરચી, રીંગણી, ટામેટી, કોબીજ, ફ્લાવર, ડુંગળી, ભાજી, કોથમીર વિવિધ નાના છોડવાઓ રોપવામાં આવે છે. જેમાં જાતે તૈયાર કરેલું વર્મી કમ્પોસ્ટ ઉમેરવામાં આવે છે. તથા નારીયેળના છોતરામાંથી બનેલુ કોકોપેટ ઉમેરવામાં આવે છે. વર્મિ કંમ્પોસ્ટમાં અડસિયાનો ઉપયોગ થાય છે. જમીનની સપાટી પર રહેનારા તથા સેન્દ્રિય પદાર્થ ખાનારા ઈસીનીયા ફોઈટીડા અને પેરીચોમીક્સ આરબોટાકોલા જે લંબાઈમાં ટૂંકા અને રતાશ પડતા હોય છે. તે કચરામાંથી સારૂ જૈવિક ખાતર બનાવે છે. અને જે જમીનની સપાટી નીચે રહેતા હોય છે. કે જે સેન્દ્રિય પદાર્થયુક્ત માટી ખાય છે તે યુડ્રીલસ યુર્જન આ પદ્ધતિમાં અમૃત માટીનો ઉપયોગ કરવામાં આવે છે. અમૃત માટી એ વાનસ્પતિક કચરાને વનસ્પતિ દ્વારા જ કહોવડાવીને બનાવવામાં આવતુ સંપૂર્ણ કુદરતી સેન્દ્રિય ખાતર છે. અમૃત માટી કિચન ગાર્ડનમાં, નર્સરીમાં કોથળીઓ ભરવા, સ્વાસ્થ્ય નબળું હોય તેવા છોડ તંદુરસ્ત કરવા, રોગયુક્ત છોડની તંદુરસ્તી માટે તથા છોડને કુદરતી રીતે પોષક તત્વો પૂરા પાડવા માટે થાય છે.

ગ્રીન હાઉસ બનાવીને સારી ગુણવત્તાવાળા અને બજારમાં મોંઘા મળતા શાકભાજીનો ઉછેર કરવામાં આવે છે. ગ્રીન હાઉસ દ્વારા ઘણા બધા ફાયદા થાય છે. બહાર કરતાં ગ્રીન હાઉસમાં શાકભાજી ઓછા સમયમાં અને ઉંચી ગુણવત્તાવાળા શાકભાજી મેળવી શકાય છે.

વેલાવાળા શાકભાજીના પાકો જેવા કે દૂધી, તુરીયા, ગલકાં, કાકડી, કારેલા, ટેટી, તડબુચ, ટીંડોરા, પરવર વિગેરે ઘરની બાઉન્ડ્રી પુરી થાય ત્યાં દિવાલ કે તારની વાડ હોય તેવા તેના ઉપર વેલા રહે તે રીતે આયોજન કરવામાં આવે છે. આમ વિવિધ પ્રકારના ગાર્ડન તૈયાર કરીને સુંદર મજાના શાકભાજી અને રોપાનું વાવેતર કરી રેહલા પ્રવિણભાઈ અને તેમની ટીમ તાજા અને ચોખ્ખા પાણીના શાકભાજી તૈયાર કરીને આગવું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. સરકાર દ્વારા કિચન ગાર્ડન બનાવવા માટે પ્રોત્સાહન પેટે આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

## અજાણી મૃતક મહિલાના પરિવારજનોને પોલીસે શોધી કાઢ્યા

ગાંધીનગર, તા.૧૨

શહેરના ખ-૦ થી ગ-૦ તરફના માર્ગ પર અજાણી મહિલાને અકસ્માત સર્જાતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. અકસ્માતમાં ઈજા પામેલ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવી હતી. જયાં ગંભીર રીતે ઈજા પામેલ મહિલાનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. ત્યારે પોલીસ જવાનોએ માનવતા દાખવીને કલાકોની ભારે જહેમત બાદ અજાણી મહિલાના પરીવારજનોને શોધી કાઢ્યા હતા. મૃતક મહિલા દહેગામ તાલુકાના બિલમણા ગામના હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ આજે સેકટર-૭ પોલીસ કર્મચારીઓ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.જેમાં ગંભીર રીતે ઘાયલ અજાણી મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ થતા તેના વાલી વારસોને શોધીને મૃતદેહ સોંપવાની કામગીરી કરવામાં આવી હતી. આ સમગ્ર બનાવની મળતી વિગત મુજબ આજે સવારના સાડા દશ વાગ્યાના અરસામાં સરગાસણ ચોકડી પાસે એક મહિલાને અકસ્માત નડ્યો હતો. બેહોશ ગંભીર હાલતમાં મહિલાને સિવિલ સારવાર માટે લઈ જવાઈ હતી. જયાં મહિલાનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. જયારે પોલીસ દ્વારા તપાસના અનુસંધાને આ મૃતક મહિલાના કોઈ વાલીવારસ મળી આવતા ન હતા.જેને પગલે સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ ધર્મેન્દ્ર ચૌધરીની સુચનાથી એએસઆઈ દિલિપસિંહ મહોતજી રાણા અને રાઈટર અનિલભાઈ કાળુભાઈ ઠાકોર તેમજ સિવિલના ઓપીડી હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ ચાવડા સહિતની ટીમના જવાનો મૃતક મહિલાના પરિવારના સભ્યોને શોધી કાઢવા માટે તપાસ આરંભી હતી. માનવતાભર્યુ હદય ધરાવતા પોલીસ જવાનોએ મૃતક મહિલાના સંબંધીઓને શોધવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. ત્યારે પોલીસ જવાનોની મહેનત રંગ લાવી હતી અને કલાકોમાં જ મૃતક મહિલાના વાલી વારસોને શોધી કાઢ્યા હતા. જેમાં મહિલા દહેગામના બિલમણા ગામનું હોવાનું ધ્યાને આવ્યું હતું.ત્યારબાદ મૃતક મહિલાના સગા સંબંધીઓને બોલાવીને તેઓ પાસેથી અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ફરીયાદ દાખલ કરાવવા માટે પણ તજવીજ હાથ ધરી હોવાનું પણ જાણવા મળ્યું છે. ત્યારે આ મૃતક મહિલા બિલમણા ગામના લીલાબેન અમરતજી ઠાકોર હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે સેકટર-૭ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરને વિશેષ દરજ્જો આપી વારાણસીના ધોરણે વિકસાવો : જાગૃત નાગરિક પરિષદ

### રાજ્યના અંદાજપત્ર માટે જાગૃત નાગરિક પરિષદે સૂચનો કર્યા : શિક્ષણ અને આરોગ્ય સેવાઓને પ્રાધાન્ય આપવા સાથે નબળા વર્ગોને વીજળી બિલમાં રાહત આપવા સૂચન

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગરના પ્રબુદ્ધ નગરજનોની સ્વૈચ્છિક સંસ્થા - ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા તેની સાત જેટલી સહયોગી સેવા સંસ્થાઓ સાથે મળીને રાજ્યના આગામી અંદાજપત્ર માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે. પરિષદે તેના સૂચનોમાં ગાંધીનગરને વિશેષ દરજ્જો આપી વારાણસીના ધોરણે વિકાસાવવા સાથે રાજ્યામાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓને પ્રાધાન્ય આપવા, સાબરમતી નદીને બારમાસી બનાવવા, નબળા વર્ગોને વીજળી બિલમાં રાહત આપવા અને કાર્યક્ષમ વહીવટીતંત્ર દ્વારા વિકાસની ગતિને સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે કરેલા સૂચનોમં રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને કેન્દ્રીય ધોરણે મેડીકલ એલાઉન્સ રૂપિયા ૧૦૦૦ આપવાનું મંજૂર કરવા, વીજળી પરનો વેરો સંપૂર્ણપણે નાબૂદ કરી મર્યાદિત વીજળી વાપરતા નબળા વર્ગના નાગરિકો માટે ૨૦૦ યુનિટ વીજળી વિનામૂલ્યે આપવા, રાજ્યના મહાનગરોની નગરપાલિકાઓ પચાસ ચોરસ મીટરથી નાનાં મકાનો પરનો હાઉસ ટેક્ષ નાબૂદ કરવા અને નગરપાલિકાઓની ઘટનારી આવકની ભરપાઈ રાજ્ય સરકારે કરી આપવા સૂચવ્યું છે. આ સાથે આગામી વર્ષ દરમિયાન તમામ સરકારી ઉજવણીઓ અને મેળાવડાઓ બંધ કરવા, ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટેના સ્ટેશનો મોટી સંખ્યામાં શરૂ કરવા, પાટનગરની મહાનગરપાલિકાને વિશેષ દરજ્જો આપીને વિશેષ આર્થિક સહાય આપી કરમુક્ત શહેર બનાવવા, પાટનગરના આયોજન સમયે તેની ડિઝાઈન અને બાંધકામ સંબંધે નક્કી કરેલા સિદ્ધાંતોનું પાલન કરવા, મેટ્રો ટ્રેનની કામગીરી ઝડપી બનાવવા, ગાંધીનગરના ક ,ખ ,ગ અને ઘ રોડ પર લાઈટ ટ્રાવેલિંગ રેઈલ શરૂ કરવા, સેક્ટરોમાં આવેલાં શોપીંગ સેન્ટરોને રી- ડેવલપ કરવા, સાબરમતી રિવરફ્રન્ટ યોજનાને ગાંધીનગર સુધી લંબાવવા અને લોકમાતા સાબરમતી નદીને સંપૂર્ણ પ્રદૂષણ રહિત સ્વચ્છ બનાવવા માટે " સાબરમતી વંદના" કાર્યક્રમ ભારત સરકારની સહાયથી અમલમાં મૂકવા સહિતના વિવિધ સૂચનો કર્યા છે.